# Commissionerate of School

**Vidya Samiksha Kendra**

**3rd Floor, Opposite Punitvan, Sector-19, Gandhinagar 382021**

**Te.No.: 07923254001** **E-mail: ss.umabranch@gmail.com**


**Ref. COS/10+2 /uma-02/2025/૧૨૫૫-૪૪** **Date:૨૪/04/2025**

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

વિષય: રાજ્યની બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા વર્ગ–૪ના લેબ આસિસ્ટન્ટ કમ પ્યુનને જુનિયર કલાર્ક વર્ગ–૩માં બઢતી આપવા બાબત

સંદર્ભ:
(૧) ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિજ્ઞાન સંયોજક તથા પ્રયોગશાળા મદદનીશ કમ પટાવાળાની જગ્યા ઉભી કરવા બાબતનો ઠરાવ ક્રમાંક: ઈડીએસ–૯૧૭૬/૫૮૩૩–ગ તા.૨૦/ ૦૮/૧૯૭૭
(૨) ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિજ્ઞાન સંયોજક તથા પ્રયોગશાળા મદદનીશ કમ પટાવાળાની જગ્યા ઉભી કરવા બાબતનો સુધારા ઠરાવ ક્રમાંક: ઈડીએસ–૯૧૭૬/૮૪૪૨૮–ગ તા.૨૮/ ૦૪/૧૯૭૮
(૩) બિન સરકારી માધ્યમિક શાળાઓની ખાલી રાખવામાં આવેલી જુનિયર કારકુનોની જગ્યા ભરવા બાબતે શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ–૧૩૮૪–૧૯૯૧–૮૫–ગ તા.૦૧/૧૦/૧૯૮૫
(૪) બિન સરકારી માધ્યમિક શાળાઓની ખાલી રાખવામાં આવેલી જુનિયર કારકુનોની જગ્યા ભરવા બાબતે શિક્ષણ વિભાગના સુધારા ઠરાવ ક્રમાંક: બમશ–૧૩૮૪–૧૯૯૧–૮૫–ગ તા.૨૩/૦૭/ ૧૯૮૬
(૫) ઉચ્ચ શિક્ષણ નિયામકની કચેરીનો તા.૦૫/૦૨/૧૯૮૮નો ઠરાવ
(૬) શિક્ષણ વિભાગનો તા.૧૬/૦૪/૨૦૦૯નો ઠરાવ ક્રમાંક: બમશ–૧૧૦૯–૬૫૯–ગ
(૭) શિક્ષણ વિભાગનો તા.૧૬/૦૮/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૬/૭૮૮/ગ
(૮) શિક્ષણ વિભાગનો તા.૦૭/૧૨/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2023/4119/G
(૯) ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળની તા.૧૫/૦૩/૨૦૨૫ની રજુઆત

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવાઅનું કે, ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા વહીવટી કર્મચારી મહામંડળની ઉકત સંદર્ભદર્શિત (૯) પત્રથી રાજ્યની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા વર્ગ–નાં લેબ આસીસ્ટન્ટ–કમ પ્યુનને જુનિયર કલાર્ક વર્ગ– ૩માં બઢતી આપવા બાબતની રજુઆત અત્રેની કચેરીને કરેલ હતી.

જે અન્વયે ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિજ્ઞાન સંયોજક તથા પ્રયોગશાળા મદદનીશ કમ પટાવાળાની જગ્યા ઉભી કરવા બાબતના ઉકત સંદર્ભદર્શિત (૧) ઠરાવથી પ્રયોગશાળા સંયોજક (લેબોરેટરી કો–ઓર્ડીનેટર્સ) તથા પ્રયોગશાળા મદદનીશ–કમ–પટાવાળા (લેબોરેટરી આસિસ્ટન્ટ કમ પ્યુન)ના પગારધોરણમાં જગ્યા ઉભી કરવા સરકારશ્રી દ્વારા મંજુરી આપવામાં આવેલ છે. તેમજ ઉકત સંદર્ભદર્શિત (૨) ના સુધારા ઠરાવથી લેબોરેટરી કો–ઓર્ડીનેટર તથા લેબોરેટરી–આસિસ્ટન્ટ–કમ–પ્યુનની જગ્યાઓ ઉભી કરવા બાબતે સરકારશ્રીના ઉકત સંદર્ભદર્શિત (૧)ના ઠરાવમાં સુધારો કરવામાં આવેલ છે.

બિનસરકારી માધ્યમિક શાળાઓની ખાલી રાખવામાં આવેલી જુનિયર કારકુનોની જગ્યા ભરવા બાબતે શિક્ષણ વિભાગના ઉકત સંદર્ભદર્શિત (૩) ના તા.૦૧/૧૦/૧૯૮૫ના ઠરાવના ફકરા નં. ૧માં સૌ પ્રથમ બિન સરકારી માધ્યમિક શાળાનાં વર્ગ–૪ના કર્મચારીઓ (પટાવાળા) કે જેઓ શિક્ષણ વિભાગના તા.૨૨/૧૨/૧૯૮૩ના ઠરાવ અનુસાર જુનિયર કારકુન તરીકે બઢતીને પાત્ર થતા હોય અને જગ્યા ઉપલબ્ધ હોય તો તેમનાથી જ ભરવાની રહેશે તેવું જણાવેલ છે.

શિક્ષણ વિભાગના ઉકત સંદર્ભદર્શિત (૪)ના તા.૨૩/૦૭/૧૯૮૬ના ઠરાવથી શિક્ષણ વિભાગના ઉકત સંદર્ભદર્શિત (૩) ઠરાવના ફકરા નં ૧ ની બીજી લીટીમાં ઉલ્લેખ કરેલ "પટાવાળા તથા લેબ આસિસ્ટન્ટ કમ પ્યૂન વાંચવાનું જણાવેલ છે.

ઉચ્ચ શીક્ષણ નિયામકની કચેરીના ઉકત સંદર્ભદર્શિત (૫)ના ઠરાવથી શિક્ષણ વિભાગના તા.૦૬/૦૧/૧૯૮૬ના ઠરાવથી જે હેડ પ્યુનની જગ્યાઓને મંજુરી આપવામાં આવેલ તે જગ્યાઓમાં આસિ.–કમ–પ્યૂનને પટાવાળા ગણી નાયક તરીકે શ્રેયાન ક્રમાનુસાર હોદ્દો આપવામાં આવે તો હરકત સરખુ નથી તેમ જણાવેલ છે. તેમજ શિક્ષણ વિભાગના ઉકત સંદર્ભદર્શિત (૬) અને (૭) પત્રથી છઠ્ઠા અને સાતમા કેન્દ્રીય પગાર પંચની ભલામણોના આધારે બિન સરકારી માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓના પગાર સુધારણાના ઠરાવમાં પણ પટાવાળા અને લેબ આસિસ્ટન્ટ–કમ–પ્યૂનન પગારધોરણો પણ સમાન ગણવામાં આવેલ છે.

આમ, ઉકત તમામ ઠરાવોની જોગવાઈને ધ્યાને લઈને લેબ આસિસ્ટન્ટ – કમ – પ્યૂન (વર્ગ–૪) ને શિક્ષણ વિભાગના ઉકત તા.૦૭/૧૨/૨૦૨૪ના સંદર્ભદર્શિત (૮) ઠરાવની તમામ શરતો અને જોગવાઈઓ સંતોષતતા હોય તો નિયમોનુસારની કાર્યવાહી કરવા આપશ્રીને જણાવવામાં આવે છે.

નાયબ શિક્ષણ નિયામક
૧૦+૨ શાખા
ગુ.રા.ગાંધીનગર

નકલ રવાના:- ગુ. રા. મા. અને ઉ.મા. શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળ
મુ.પો. ચુંધરા, તા. માણસા, જિ. ગાંધીનગર

Signature Not Verified

Signed by:KISHANBHAI FATESHING VASAVA
Deputy Director
Date:2025.04.24
11:38:17 +5:30

File No: COS/SDP/e-file/276/2025/0870/Higher secondary section
Approved By: Deputy Director,Higher secondary section,COS

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

CamScanner